શ્રી હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ સંચાલિત
એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ, જિ.-પંચમહાલ
અને
જન જાગૃતિ અભિયાન, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત

"રાજ્ય કક્ષાનો સેમિનાર"

## " ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય "

# પ્રમાણપત્ર

શ્રી / શ્રીમતી / કુ. ....જમનાબેન.....નવલભાઈ....પટેલ...................................................................... એ
કોલેજ.........સરકારી....આર્ટ્સ...કોમર્સ...અને...સાયન્સ...કોલેજ,..ખેરગામ...............................................

એમ.એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હાલોલ, જિ.પંચમહાલ અને જનજાગૃતિ અભિયાન, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર "ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય" માં રસપૂર્વક ભાગ લઇ........................ .........ઝવેરચંદ મેઘાણીની..કવિતામાં..સ્વાતંત્ર્ય ભાવના — x —............ વિષય પર ~~વક્તવ્ય આપ્યું~~ હતું / શોધપત્ર રજૂ કર્યું હતું / સહભાગી ચર્ચક તરીકે હાજર રહી સક્રિયપણે ભાગ લીધો છે. તેમની સાહિત્ય અને અધ્યાપન પરત્વેની રુચિને અભિનંદી આ પ્રમાણપત્ર અર્પણ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

સ્થળ : હાલોલ
તા : ૧૪/૧૦/૨૦૨૨

(શ્રી મનહર ત્રિ. શાહ)
મેનેજીંગ ટ્રસ્ટી
જન જાગૃતિ અભિયાન, વડોદરા

ડૉ.સુધાબેન ડી. પટેલ
ડૉ.કમલેશભાઇ બી. પટેલ
ગુજરાતી વિભાગ

ડૉ.યશવંત શર્મા
આચાર્યશ્રી,
એમ.એન્ડ વી.
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ

# શ્રી હાલોલ મહાજન ઉચ્ચશિક્ષણ મંડળ સંચાલિત
# એમ.એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ
# હાલોલ, જિ: પંચમહાલ

અને

ગુજરાતી વિભાગ અને જન જાગૃત્તિ અભિયાન, વડોદરાના સયુંકત ઉપક્રમે

" રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ "

૧૪ મી ઓક્ટોબર, ૨૦૨૨ શુક્રવારના રોજ

" ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય "

શોધ પત્રનો વિષય :

## ઝવેરચંદ મેઘાણીની કવિતામાં સ્વાતંત્ર્યભાવના


પ્રસ્તુત કરતા

પ્રા. જમનાબેન નવલભાઈ પટેલ

ગુજરાતી વિભાગ

એસોસિયેટ પ્રોફેસર

સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ ખેરગામ

જી. નવસારી – ૩૯૬૦૪૦


Scanned with CamScanner

# " ઝવેરચંદ મેઘાણીની કવિતામાં સ્વાતંત્ર્યભાવના " નું નિરૂપણ

પ્રા. જમનાબેન નવલભાઈ પટેલ

ગુજરાતી વિભાગ

એસોસિયેટ પ્રોફેસર

સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ ખેરગામ

પ્રાસ્તવિક ભૂમિકા

કવિ મેઘાણીએ ગાંધીયુગના કવિ છે. પંડિત યુગના અસ્ત પછી ગાંધીજીની પ્રેરણા હેઠળ આપણા સાહિત્યમાં ઘણુબધું પરિવર્તન આવ્યું. પંડિત યુગના સાહિત્ય કરતા ગાંધીયુગના સાહિત્યનુ ક્ષેત્ર વિશાળ બને છે. નવા વિષયો, નવી ભાવનાઓ, નવા પ્રયોગો કવિતામાં સ્થાન પામે છે. ગાંધીયુગમાં આપણી કવિતાનું સુકાન એકદમ ફેરવાઈ જાય છે. નર્મદયુગ કે પંડિતયુગ કરતા વિશાળ દષ્ટિ આ યુગમાં પ્રગટેલી જોવા મળે છે. સાહિત્યના નવા પ્રેરકબળો અને લક્ષણો પ્રગટેલા જોવા મળે છે. ગાંધીજીએ ફેલાવેલી ભાવનાએ આ યુગનાં સમયના સાહિત્ય ઉપર ઘણી અસર કરી છે.

ઈ.સ. ૧૯૧૬નાં વર્ષમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહનો પ્રયોગ જેવો કર્યો હતો તેવો ભારતદેશમાં કરવાનો આરંભ કર્યો. કોંગ્રેસની સ્થાપના થઇ ચુકી હતી. ઈ.સ. ૧૯૨૦ થી કોંગ્રેસની નેતાગીરી તેઓએ લઈ અસહકારનું આંદોલન શરુ કર્યું.

ગુજરાતની અસ્મિતા જગાડવાની તમન્ના, સત્ત્વગુણી ગાંધીજી અને રજોમય ક.મા.મુનશી પોતાની જુદી રીતે આ યુગના સૌથી અગ્રેસરને પ્રભાવશાળી સૌ માં ભાગ મુકાવે તેવા ગુજરાતને સંસ્કાર સેવકો મળે છે. આમ સમગ્ર અર્વાચીન યુગ પર ગાંધી અને ક.મા.મુનશીની અસર છે. આ યુગમાં ગાંધીજી તો એક પ્રેરણાનું બળ રહે છે.

ગાંધીયુગ આવતા સમાજમાં ઘણું પરિવર્તન થયું. અને " સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે " એટલે સાહિત્યમાં આ સમાજનું પ્રતિબિંબ પાડવા લાગ્યું. સ્વાતંત્ર્યની લડત એ આપની કવિતાનું સૌથી અગત્યનું બળ હતું. અંગ્રેજોના રાજ્યશાસનનાં ગુલામ અને આ ગુલામી દુર કરવા માટે આપણે બલિદાન આપવાનું છે તે ભાવના આ ઉગ્રસ્વરૂપમાં વ્યાપેલી હતી. સ્વાતંત્ર્યના ગીતો ગાનાર કવિઓમાં શ્રી ઉમાશંકર જોશી, શ્રી સુન્દરમ્, શ્રી સ્નેહરશ્મિઅને ઝવેરચંદ મેઘાણીનો પણ ગાંધીયુગના કવિઓમાં સમાવેશ થાય છે. એમણે સ્વાતંત્ર્યની ભાવનાના અનેક ગીતો રચ્યા છે. રાષ્ટ્રપ્રેમના કાવ્યોનો જુવાળ આ યુગમાં આવ્યો છે. આપણી માતૃભૂમિ માટે ફના થઇ જવાની ભાવના આ સ્વાતંત્ર્યની લડતમાંથી જ જન્મેલી છે. આ સ્વાતંત્ર્ય લડતનું સુકાન ગાંધીજીએ હાથમાં લીધું હતું. આથી આ લડત સત્યાગ્રહની ક્રાંતિ હતી એટલે " સ્વાતંત્ર્યની અહિંસક લડત અને અહિંસાની ભાવના " એ આ યુગના કવિને આકર્ષનારાં બે મોટાં બળો હતા.

કવિ મેઘાણીમાંઆ લડત માટેનો ઉત્સાહ, યુયુત્સા અને માતાને માટે બધુંય ન્યોછાવર કરવાની તમન્ના છે. જે એમના અનેક કાવ્યમાં પ્રગટ થાય છે. માટે મને આ રાષ્ટ્રીય પરિસંવાદમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની કવિતામાં સ્વાતંત્ર્યતા ભાવનાનું નિરૂપણ કરવા હું કેટલીક કવિતાને પસંદ કરી શોધ પેપર રજુ કરવાનો મારો ઉપક્રમ રહ્યો છે. જે હું રજૂ કરું છું.

Scanned with CamScanner

મેઘાણી રચિત "યુગવંદના" કાવ્યસંગ્રહના પાંચ વિભાગો પડે છે. જેમ કે તેમાંથી (૧) યુગવંદના (૨) પીડિતદર્શન (૩) કથાગીતો (૪) આત્મસંવેદન (૫) પ્રેમલહેરીઓ વગેરે

આ "યુગવંદના" કાવ્યસંગ્રહમાં મેઘાણી ગાંધીયુગનાં અગ્રેસર કવિ છે. એમનું સર્જન ગાંધીયુગથી પ્રેરાઈને પ્રેરણાથી પામેલું જોવા મળે છે. ગાંધીયુગના પ્રેરકબળો એમની કવિતામાં નિરૂપાયા છે. યુગવંદના વિભાગમાં આપણી રાષ્ટ્રીય લડતની મથામણના કાવ્યો અને એની ચિત્રછબી  ઉડીને આંખે વળગે એ રીતે કાવ્યોમાં રાષ્ટ્રપ્રેમ, ગુલામીની જંજીરો તોડવાની ઝંખના, પરદેશી શાસન હેઠળની વ્યથા વગેરે ભાવનાનું આલેખન થયું છે. પરાધીન મનોદશાની વેદના, ભારતમાતાની અવદશા એમાં બહુ જ કરુણ ભાવે આલેખાયેલી જોવા મળે છે. મેઘાણીના કાવ્યોની શકિત વિશિષ્ટ પ્રકારની છે. આમ, હૃદયને હચમચાવી દે તેવા કાવ્યોમાં કરુણાભાવો પ્રગટ કરવામાં મેઘાણીની.કલમને કાવ્યોમાં સારી સિદ્ધિ મળી છે.

શ્રી મેઘાણીની સ્વાતંત્ર્યની ભાવનાનું નિરૂપણ કરતી કવિતા એટલે  " યુગવંદના " કાવ્યસંગ્રહ છે. તેમાં પાંચ વિભાગો પડે છે. તેમાંથી કેટલાંક પસંદ કરેલા કાવ્યોના સંદર્ભે એક દ્રષ્ટિપાત કરીએ. યુગવંદના કાવ્યસંગ્રહનો પ્રથમખંડનું પ્રથમ કાવ્ય ' કસુંબલ રંગ ' છે. ' છેલ્લી પ્રાર્થના ', ' તરુણોનું મનોરાજ્ય ', ' શિવાજીનું હાલરડું ', ' છેલ્લો કટોરો ' વગેરે કાવ્યોમાં સ્વાતંત્ર્ય ભાવનાનું નિરૂપણ ક્યા અને કેવી રીતે  થયું છે તેની ચર્ચા કરીશું.

મેઘાણીની કવિતાઓમાં લોકહૃદયની બળબળતી લાગણી છે. ગાંધીજીની સત્યાગ્રહની લડતનું મેઘાણીએ અહિંસક લડતનું નવું સ્વરૂપ આપ્યું છે. સ્વાતંત્ર્યની  ભાવના મેઘાણીની કવિતામાં યુગવંદનાનાં કાવ્યોમાં પણ જોવા મળે છે. જેમાં સ્ત્રી માતા, બેન, પ્રેમનો, શૌર્યનો, પીડિતોના આંસુમાં અને શહીદોના વિશ્વાસોમાં દેખાતો કસુંબીનો રંગ મેઘાણીની કવિતામાં હતો. તેવો તેમને મિજાજ પણ હતો. મનુષ્ય હૃદયના ભવ્ય અને કોમલ, રુદ્ર અને કરુણ, કુત્સિત અને સુંદર ભાવોને આમ એક ઉત્કટ સંવેદન રૂપે ચિરસ્થાયી કરનારું કસુંબીના રંગનું રોમાંચક તળપદુ રૂપક રાષ્ટ્રીય શાયર મેઘાણીએ સ્વતંત્રતાના ગીતો ઉત્કટ રીતે ઊર્મિથી ગાયા છે. એમના જેટલો  સ્વાતંત્રતા માટેનો થનગનાટ, તરવરાટ ભાગ્યે જ બીજા કવિઓમાં દેખાય છે. એવું ધીરુભાઈ ઠાકર નોંધે છે. કવિ જયંત પાઠક નોંધે છે કે આ ગાળાના કદાચ સૌથી વધુ રંગરાગી કવિ શ્રી મેઘાણી છે. પ્રણય, પ્રકૃતિ, યુગના આદર્શો અને પ્રવૃત્તિઓ સર્વ પ્રત્યે એમનું વલણ ઊર્મિલ ભાવના નિરૂપી છે.

ગાંધીજીની લડતનો પ્રસંગ હોય કે પીડિત દલિતના દુઃખની વાત મેઘાણી એમાં ' કસુંબલ ' રંગ લાવવાના જ. એક લસરકાથી ચિત્રને ઉપસાવી આપવાનું એમને જાણે ચિત્રને ઘેરું બનાવીને જ જંપે. કાવ્ય વિષય ગમે તેટલો નાજુક હોય, ભાવ સુક્ષ્મ કે સુકુમાર હોય મેઘાણી તો તેને બુલંદસૂરે જ ગાવાના આમ મેઘાણીની કવિતામાં રાષ્ટ્રભકિત અને દેશભકિત ઉત્કટતા જોવા મળે છે. એથી માતૃભૂમિને કવિ જગતમાં શ્રેષ્ઠ માને છે. અને આ જ દેશમાં જન્મી આ જ દેશમાં મરવાની ભાવના પણ આલેખે છે.

' કસુંબીનો રંગ ' કાવ્યમાં કસુંબલ રંગના દર્શન વિરલપુરુષને થાય છે.

" રાજ મને લાગ્યો કસુંબીનો રંગ
લાગ્યો કસુંબીનો રંગ "

આ કાવ્યમાં  મર્દાનગી, સ્વાર્પણ, ફનાગીરીની ભાવનાને પ્રેરે છે.. કવિ કસુંબલ રંગ વિષે કહે છે કે

Scanned with CamScanner

મેઘાણી રચિત "યુગવંદના" કાવ્યસંગ્રહના પાંચ વિભાગો પડે છે. જેમ કે તેમાંથી (૧) યુગવંદના (૨) પીડિતદર્શન (૩) કથાગીતો (૪) આત્મસંવેદન (૫) પ્રેમલહેરીઓ વગેરે

આ "યુગવંદના" કાવ્યસંગ્રહમાં મેઘાણી ગાંધીયુગનાં અગ્રેસર કવિ છે. એમનું સર્જન ગાંધીયુગથી પ્રેરાઈને પ્રેરણાથી પામેલું જોવા મળે છે. ગાંધીયુગના પ્રેરકબળો એમની કવિતામાં નિરૂપાયા છે. યુગવંદના વિભાગમાં આપણી રાષ્ટ્રીય લડતની મથામણના કાવ્યો અને એની ચિત્રછબી ઉડીને આંખે વળગે એ રીતે કાવ્યોમાં રાષ્ટ્રપ્રેમ, ગુલામીની જંજીરો તોડવાની ઝંખના, પરદેશી શાસન હેઠળની વ્યથા વગેરે ભાવનાનું આલેખન થયું છે. પરાધીન મનોદશાની વેદના, ભારતમાતાંની અવદશા એમાં બહુ જ કરુણ ભાવે આલેખાયેલી જોવા મળે છે. મેઘાણીના કાવ્યોની શક્તિ વિશિષ્ટ પ્રકારની છે. આમ, હદયને હચમચાવી દે તેવા કાવ્યોમાં કરુણાભાવો પ્રગટ કરવામાં મેઘાણીની કલમને કાવ્યોમાં સારી સિદ્ધિ મળી છે.

શ્રી મેઘાણીની સ્વાતંત્ર્યની ભાવનાનું નિરૂપણ કરતી કવિતા એટલે " યુગવંદના " કાવ્યસંગ્રહ છે. તેમાં પાંચ વિભાગો પડે છે. તેમાંથી કેટલાંક પસંદ કરેલા કાવ્યોના સંદર્ભે એક દ્રષ્ટિપાત કરીએ. યુગવંદના કાવ્યસંગ્રહનો પ્રથમખંડનું પ્રથમ કાવ્ય ' કસુંબલ રંગ ' છે. ' છેલ્લી પ્રાર્થના ', ' તરુણોનું મનોરાજ્ય ', ' શિવાજીનું હાલરડું ', ' છેલ્લો કટોરો ' વગેરે કાવ્યોમાં સ્વાતંત્ર્ય ભાવનાનું નિરૂપણ ક્યા અને કેવી રીતે થયું છે તેની ચર્ચા કરીશું.

મેઘાણીની કવિતાઓમાં લોકહદયની બળબળતી લાગણી છે. ગાંધીજીની સત્યાગ્રહની લડતનું મેઘાણીએ અહિંસક લડતનું નવું સ્વરૂપ આપ્યું છે. સ્વાતંત્ર્યની ભાવના મેઘાણીની કવિતામાં યુગવંદનાનાં કાવ્યોમાં પણ જોવા મળે છે. જેમાં સ્ત્રી માતા, બેન, પ્રેમનો, શૌર્યનો, પીડિતોના આંસુમાં અને શહીદોના વિશ્વાસોમાં દેખાતો કસુંબીનો રંગ મેઘાણીની કવિતામાં હતો. તેવો તેમને મિજાજ પણ હતો. મનુષ્ય હદયના ભવ્ય અને કોમલ, રુદ્ર અને કરુણ, કુત્સિત અને સુંદર ભાવોને આમ એક ઉત્કટ સંવેદન રૂપે ચિરસ્થાયી કરનારું કસુંબીના રંગનું રોમાંચક તળપદુ રૂપક રાષ્ટ્રીય શાયર મેઘાણીએ સ્વતંત્રતાના ગીતો ઉત્કટ રીતે ઊર્મિથી ગાયા છે. એમના જેટલો સ્વાતંત્રતા માટેનો થનગનાટ, તરવરાટ ભાગ્યે જ બીજા કવિઓમાં દેખાય છે. એવું ધીરુભાઈ ઠાકર નોંધે છે. કવિ જયંત પાઠક નોંધે છે કે આ ગાળાના કદાચ સૌથી વધુ રંગરાગી કવિ શ્રી મેઘાણી છે. પ્રણય, પ્રકૃતિ, યુગના આદર્શો અને પ્રવૃત્તિઓ સર્વ પ્રત્યે એમનું વલણ ઊર્મિલ ભાવના નિરૂપી છે.

ગાંધીજીની લડતનો પ્રસંગ હોય કે પીડિત દલિતના દુઃખની વાત મેઘાણી એમાં ' કસુંબલ ' રંગ લાવવાના જ. એક લસરકાથી ચિત્રને ઉપસાવી આપવાનું એમને જાણે ચિત્રને ઘેરું બનાવીને જ જંપે. કાવ્ય વિષય ગમે તેટલો નાજુક હોય, ભાવ સુક્ષ્મ કે સુકુમાર હોય મેઘાણી તો તેને બુલંદસૂરે જ ગાવાના આમ મેઘાણીની કવિતામાં રાષ્ટ્રભક્તિ અને દેશભક્તિ ઉત્કટતા જોવા મળે છે. એથી માતૃભૂમિને કવિ જગતમાં શ્રેષ્ઠ માને છે. અને આ જ દેશમાં જન્મી આ જ દેશમાં મરવાની ભાવના પણ આલેખે છે.

' કસુંબીનો રંગ ' કાવ્યમાં કસુંબલ રંગના દર્શન વિરલપુરુષને થાય છે.

" રાજ મને લાગ્યો કસુંબીનો રંગ
લાગ્યો કસુંબીનો રંગ "

આ કાવ્યમાં મર્દાનગી, સ્વાર્પણ, ફનાગીરીની ભાવનાને પ્રેરે છે. કવિ કસુંબલ રંગ વિષે કહે છે કે

" સોરઠમાં ને ગુજરાતમાં નવવધૂની કસુંબલ ચૂંદડી, શૌર્યપ્રેમની કસુંબલ આંખ, બહારવટિયાનાં 'બાળ કસુંબલ લુંગડા ' અને ધ્વજ રોઝબળ કસુંબલ પ્રેમશૌર્ય અંકિત "- અહિ નર્મદના ગીત – જય જય ગરવી ગુજરાત ની યાદ આવ્યા વિના રહે નહિ. અહિ કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. આ કસુંબલ રંગ પ્રેમ અને શૌર્યના પ્રતિક જેવો છે. લોકગીત ઢાળમાં લખાયેલ ગીત માનવ હૃદયની પ્રેમ અને શૌયની ભાવનાને અભિવ્યક્ત કરે છે.

' છેલ્લી પ્રાર્થના ' મેઘાણીનાં કેટલાંક વિશિષ્ટ અને ગણનાપાત્ર કાવ્યોમાંનું એક છે. સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં મેઘાણી પર કારણવગર આરોપસર બે વર્ષની જેલની સજા થાય છે. મેજીસ્ટ્રેટ શ્રી ઇસાણીનાધંધુકા ખાતેથી અદાલતમાં એમની અનુસ્પા થી ગાયેલું. આ કાવ્ય સંભાળીને ન્યાયાધીશની આંખમાં આંસુ આવી ગયેલાં. મેઘાણી સુરીલા કંઠેગાન સંભળાવેલું આ કાવ્યમાં ગુલામીની વેદનાનો આર્તનાદ થાય છે. ભારતમાતાની ગુલામીના બંધનમાંથી મુક્ત કરવાની વાત નીરુપાઈ છે. (૧) અમારી હજારો વર્ષની વેદનાયો. (૨) અમારાં કલેજાં ચીતરીને કંપાવેલી, અમારી ભય કથાઓ, છેલ્લી પ્રાર્થનામાં નીરુપાયેલી પ્રભુને પ્રાર્થના અને કૃપા રાખવાની વાત કરી છે.

" નથી જાણ્યું અમારે પંથે શી આફત ખડી છે.
ખબર છે આટલી કે – માતની હાકળ પડી છે
જીવે માવડી એ કાજ મારવાની ઘડી છે
ફિકરશી જ્યાં લગઈ તારી અમો પર આંખડી છે. " !

માતૃભૂમિ માટે બલિદાન આપવાની તૈયારી અને માતની હાકલ પડી છે. આ પ્રાસંગિક કાવ્યમાં મેઘાણીની સ્વાતંત્ર્યની લડતની ભાવના ખુબ જ ઉત્કટ રીતે વ્યકત થયેલી જોવા મળે છે.

" તરુણોનું મનોરાજ્ય "કવિ મેઘાણીની ગણનાપાત્ર આકર્ષક લાગતાં કાવ્યોમાંનું એક છે. મુક્તિ સંગ્રામ ચ્રાલ લોકોનની મનોદશાનું એક ઉત્તમ, કવિ મેઘાણીનું ચિત્રછબી નજર સામે ખડું થઇ જાય તેવી રચના છે. યુવાનોને ઉચ્ચ આદર્શોને જીવનમાં ચરિતાર્થ કરવા પ્રયાસ કરે છે કવિએ રાષ્ટ્રીય લડત સમયે યુવાનોના હૃદય અને મનને જોશ, જુસ્સો, ઉત્સાહ, પ્રેરણા આપવાનું કાર્ય કરેલું છે.

" ઘટમાં ઘોડા થનગને આતમવીએ પાંખ,
આનંદીકિલી ભૌમ પર યૌવન માંડિ આંખ "

યુવાનોને આપણી ભૂમિ, કઠિ વિશ્વભરના યુવાનને આંખ ચઢે છે. આજે પ્રાણ ઘોડે ચડે છે. ગરુડ જેવી આં આત્મા વિશે દ્રષ્ટિ ઓળખ કરાવે છે. યુવાનોમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવા ગુલામી સામે લડતા ભારતના યુવાનો તં મેઘાણીએ જોમ, જુસ્સો, પ્રેરણા, ઝંખના જગાડવાનું કાવ્ય છે. અહી યૌવનનો થનગનાટ નિરુપ્યો છે.

" શિવાજીનું હાલરડું " માં કવિએ માતાએ બાળકને હાલરડાંથી પ્રેરેલું વીરત્વ ગાયું છે. આમ વીરપુરુષની માતા ઝોળીમાં સુતેલા બાળકને આવું વીરત્વ પોષવાનું કાર્ય કર્યું છે. એમાં તત્કાલીન પરિસ્થિતિને અનુરૂપ રાષ્ટ્રીય લડત માટે શિવાજીને રામલક્ષ્મણનાં પ્રેમ અને વીરત્વને સંભળાવી યુદ્ધમાં માતૃભુમીનો સંગ્રામમાં રક્ષા કરવાની વાત કરી છે.

" છેલ્લો કટોરો " કાવ્યસંગ્રહ ખુબ જ મહત્ત્વનું અને ઐતિહાસિક બન્યું છે. ગાંધીજીને વિષય કરી લખાં પ્રાસંગિક સાથે ઐતિહાસિક ઉત્તમ કાવ્ય છે. ગોળમેજી પરિષદમાં ગાંધીજી જવાના હતા ત્યારે મેઘાણીએ લખેલ કાવ્ય મેઘાણી કહે છે તેમ ગાંધીજી ગોળમેજીમાં જવા નીકળ્યા ત્યારે તેમને કરેલું આ સંબોધન ' સૌરાષ્ટ્ર ' નો પહેલો ફ ગુરુવારે સાંજે ચડતો. એ ગુરુવાર હતો. ગીત છેલ્લાં કલાકમાં જ રચાયુ. ભાઈ અમૃતલાલ શેઠને ગીત બહુ જ ગ

Scanned with CamScanner

ગાંધીજી શનિવારે તો ઉપાડવાના હતા. અમૃતભાઈએ આર્ટ કાર્ડ બોર્ડ પર એની જુદી જ પ્રતો કઢાવી તે જ સાંજે મુંબઈ રવાના કરી – સ્ટીમર પર ગાંધીજીને પહોંચતી કરવા માટે . બંદર પર આ વહેંચાયું ત્યારે ઈતિહાસ બની ગયો. કેટલાંક પારસી બહેનોને ઝેરના કટોરા વગેરે રૂપકો પરથી લાગ્યું કે ગાંધીજીના માટે ઘસાતું કહેવાતું ક્રૂર કટાક્ષ ગીત છે. તો એક ગુજરાતી સ્નેહી બહેને કાવ્યનો સાચો ભાવ સ્પષ્ટ કર્યો ત્યારે પેલા બહેનોનાં હૃદય આનંદિત બની ઉઠયા. ગાંધીજીને પણ આ ગીત ગમેલું તેમણે કહ્યું હતું કે ' મારી સ્થિતિનું આમાં વર્ણન થયું છે તે તદ્દન સાચું છે. ' મહાદેવભાઈ દેસાઈએ પણ જણાવ્યું હતું કે " બાપુની સાથે રહેવાનો લહાવો જેને નથી મળ્યો, પણ જેની અદ્ભુત કલ્પનાશક્તિ બાપુને રોમે રોમે ઓળખી ગઈ છે. એવા કવિએ એમાં બાપુનું શાશ્વત ચિત્ર આલેખાયું છે. "

તે સમયે ગાંધીજીની જે સ્થિતિ હતી તે સંપૂર્ણ પ્રગટ થાય છે. ગાંધીજીનું એક મહાપુરુષ તરીકેનું વ્યક્તિત્વ આ કાવ્યમાં જોવા મળે છે. આથી આ કાવ્યમાં વેગ અને જુસ્સો પણ સ્વાતંત્ર્યપ્રીતિના કે આઝાદીના કાવ્યો જેવો જ છે. આથી આ કાવ્ય પણ ખુબ જ લોકપ્રિય થઈ પડેલું.

આમ, જનતાના કવિ તરીકે એમણે સ્થાન મેળવેલું અને ગાંધીજી પાસે " રાષ્ટ્રીય શાયર " તરીકેનું બિરુદ મેઘાણીને પ્રાપ્ત થયેલું. 'છેલ્લો કટોરો' કાવ્યની અંતની પંક્તિ નીચે મુજબ છે.

"ઘનઘોર વનની વાટને અજવાળતો બાપુ !
વિકરાળ કેસરીયાળને પંપાળતો બાપુ !
ચાલ્યો જજે ! તું જ ભોમિયો ભગવાન છે, બાપુ
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે બાપુ."

આમ, ગાંધીજીને શંભુની સાથે સરખામણી કરવા સર્વથા યોગ્ય કવિને લાગ્યું છે.

આમ, કવિને ઈ.સ. ૧૯૨૮ માં સમગ્ર સાહિત્ય સર્જન માટે રણજીતરામ સુવર્ણ ચંદ્રક એનાયત થયેલ છે.

મેઘાણીની કવિતા કે લોકસાહિત્ય, વાર્તા, નવલકથાઓ, વિવેચન, સંપાદન , અનુવાદન સમગ્ર સાહિત્ય આપણને વાંચવા ગામે એવું રસપ્રદ છે. લોકગીત લોકકથા, લગ્નગીતો, ભક્તિગીતો સૌમાં એમની કવિ તરીકેની વિશિષ્ટ પ્રતિભાના દર્શન થાય છે તેનું મૂલ્યાંકન કરવાનું છે.

## સારાંશ

શ્રી ઝવેરચંદ મેઘાણીની કવિતામાં સ્વાતંત્ર્યતાની ભાવના જગાડતા યુગવંદનાનાં કેટલાંક કાવ્યો ખુબ જ લોકપ્રિય બન્યા છે. એ કાવ્યો એમને સાચા અર્થમાં જનતાના લોકપ્રિય, લાડીલા અને જનતાના કવિ તરીકે ઓળખાય છે. કહેવડાવે છે. એમની કવિતામાં યૌવનનો તરવરાટ, આઝાદીની ઝંખના, વીરત્વની ભાવના અને ભારતમાતા પ્રત્યેનો પ્રેમ, માતૃભૂમિ માટે ત્યાગ- બલિદાન અને યુગવંદનાનાં કાવ્યો મુખ્ય લક્ષણો છે. જે ગાંધીજીની અસર હેઠળ આવેલા ચિંતનાત્મક કાવ્યો પણ મળે છે. ગાંધીયુગની ભાવનાની અસર શ્રી મેઘાણીની કવિતા રચાયેલી જોવા મળે છે. મેઘાંણીની કવિતામાં ઉત્સાહ અને વેગ જોવા મળે છે. એમને રાષ્ટ્રીય શાયર અને જનતાના કવિ કહેડાવવા જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. એટલી કોઈ બીજા કવિઓને મળી નથી. કવિ તરીકેની ગુજરાતી સાહિત્યમાં સ્થાન ચિરંજીવી બની રહશે. એમણે યુગવંદનાનાં પ્રથમ કાવ્ય ' કસુંબલ રંગ ', ' છેલ્લી પ્રાર્થના ', ' તરુણોનું મનોરાજ્ય', 'શિવાજીનું હાલરડું' , અને 'છેલ્લો કટોરો' કાવ્યોમાં સ્વાતંત્ર્યતાની ઝંખના અને તરવરાટ વ્યક્ત કર્યો છે. એ કાવ્યોની પસંદગી કરી છે. મેઘાણીએ આઝાદીના આશક કવિ હતા. એમણે પોતાની વાણીને કવિતામાં ઉતારી છે. જેમાં સ્વાતંત્ર્યની ભાવનાનું કવિએ નિરૂપણ કર્યું છે.

Scanned with CamScanner

## સંદર્ભ સૂચી :


(૧) ' યુગવંદના' કાવ્યકૃતિ – પોપ્યુલર પ્રકાશન, સુરત

' યુગવંદના' –F.Y.B.A અભ્યાસ કૃતિ – ૨૦૨૧-૨૨ થી અમલમાં

(૨) ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – સાહિત્ય પરિષદ અમદાવાદ

(૩) રમેશ ત્રિવેદી, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ


Scanned with CamScanner